ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૭/૨૨-૨૩/ 361 તારીખ : 25 JAN 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી ગીગાભાઈ બોઘાભાઈ મારૂ,
મું.કમળેજ, વણકરવાસ,
તા.જી.ભાવનગર.

કેસ નં.૮૭/૨૨-૨૩

**મો.નં- ૯૫૩૭૦ ૫૫૯૨૦**

**વિષય : પેન્ડીંગ યુનિટના બિલ બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૩૦/૧૨/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૩૧/૧૨/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૭/૨૨-૨૩/૨૬ તા.૦૩/૦૧/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૭/૨૨-૨૩/૫૩ તા.૦૪/૦૧/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૨/૦૧/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
ગ્રામ્ય વિભાગીય કચેરી, **ભાવનગર.**

***.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, **વરતેજ.**

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૮૭/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી ગીગાભાઈ બોઘાભાઈ મારૂ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૨/૦૧/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી ભરતભાઈ ગીગાભાઈ મારૂ (વાદી ના પુત્ર)**

પ્રતિવાદી :– **શ્રી પી.સી.પંચાલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ગીગાભાઈ બોઘાભાઈ મારૂ, મું.કમળેજ, તા.જી.ભાવનગરની પેન્ડીગ યુનિટના બિલ બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૭/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૭/૨૨–૨૩/૨૬ તા.૦૩/૦૧/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૨/૦૧/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી ગીગાભાઈ બોઘાભાઈ મારૂ વતી તેમના પુત્ર શ્રી ભરતભાઈ ગીગાભાઈ મારૂ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી પી.સી.પંચાલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ જય ભારત સાથ જણાવવાનું કે, અમો અરજદારેઓગસ્ટ ૨૦૨૨ સુધીના નિયમિત બીલ ભરેલ છે ત્યારપછી અમોને જે બીલ આપવામાં આવેલ છે તેમાં પેન્ડીંગ યુનિટ ઉમેરીને બીલ આપવામાં આવેલ છે અમારા દરેક બીલ નિયમિત ભરતા હોય અમોને પેન્ડીંગ યુનિટ ક્યાં કારણોસર બાકી રહેલ છે ? જે અમોને મંજુર નથી કારણકે પેન્ડીંગ યુનિટના કારણે અમોને ઉચાભાવ ના યુનિટ બીલ ગણવામાં આવે છે નિયમિત ગ્રાહકોની પડતી આ મુશ્કેલી વહેલી તકે નિવારણ કરવા સદર વિનતી,

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆત :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ગ્રાહક નં–૩૬૭૨૪/૬૦૦૬૪/૨ નામે ગીગાભાઈ બોઘાભાઈ મારૂ વાણિજય હેતુ માટેનું વિજ જોડાણ ધરાવે છે.

૨.૨ માસ ઓગષ્ટ–સપ્ટેમ્બર–૨૦૨૧ માં સદર ગ્રાહકનું વિજ મીટર ફોલ્ટી હોય જે કંપની ના નિયમ મુજબ તા.૦૮/૧૨/૨૦૨૧ ના રોજ મીટર નં– PG-585254 પ્રફોર્મા નં–૭૨૩૫ થી બદલવામાં આવેલ અને ગ્રાહકને લેબ પરીક્ષણમાં હાજર રહેવા માટે તા.૧૪/૧૨/૨૦૨૧, તા.૨૧/૧૨/૨૦૨૧, તથા તા.૨૮/૧૨/૨૦૨૧ એમ કુલ ત્રણ તારીખ આપવામાં આવેલ છે. પરંતુ, સદર ગ્રાહકશ્રી લેબ પરીક્ષણમાં હાજર રહેલ નથી. જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૩ તા.૦૪/૦૧/૨૦૨૨ ના રોજ ભાવનગર રૂરલ લેબ વિભાગમાં એકસ પાર્ટીમાં મીટરનું લેબ પરીક્ષણ કરવામાં આવેલ છે અને લેબ રીપોર્ટમાં મીટરના રીડીગ ૨૪૮૩૨ KWH આવેલ તેમજ મીટરના MRI DATA લેવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૪ લેબ રીપોર્ટના રીડીગ ૨૪૮૩૨ KWH અને ૧૪૫ રીપોર્ટના છેલ્લા રીડીગ ૧૧૭૭૫ KWH બે રીડીગ વચ્ચે નો કુલ ૧૨૮૫૭ યુનિટ નિયમ મુજબ ગ્રાહકને ભરપાઈ કરવાના થાય છે.

આમ, પેન્ડીગ યુનિટ ની રકમ રૂા.૮૯,૩૩૪/૪૭ નિયમ મુજબ ભરપાઈ કરવાના થાય છે. આ બાબતે ગ્રાહકને સંદર્ભ પત્ર નં-૨ થી જાણ કરવામાં આવેલ છે. પરંતુ, ગ્રાહક દ્વારા આજદિન સુધી રકમ ભરપાઈ કરવામાં આવેલ નથી.

PRAYER :

સદર ઉપરોક્ત બાબતોને ધ્યાને લેતાં, નિયમ મુજબ પેન્ડીગ યુનિટની રકમ ગ્રાહકના બિલમાં ડેબીટ કરવામાં આવેલ હોય, ગ્રાહકની રજૂઆત ગ્રાહય ન રાખવા અપીલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :- વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ અરજદારશ્રી ભરતભાઈ ગીગાભાઈ મારૂ દ્વારા તેમના પિતાના નામના ૨૪૮૩૨ NRGP કનેકશન નં-૩૬૪૨૭/૬૦૦૬૪/૨ માં પેન્ડીગ યુનીટ નું મોટી રકમનું બિલ એકી સાથે મળવાની બાબતને લઈને તકરાર ઉભી થતાં, ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ આજરોજ તા.૧૨/૦૧/૨૦૨૩ ની રૂબરૂ સનાવણીમાં બંને પક્ષકારો હાજર છે તથા તેમની રજૂઆતો કરેલ છે.

૩.૩ આ તબકકે પ્રતિવાદી દ્વારા વાદીના વિજ કનેકશન ના બિલીંગ ને લગતા અલગ અલગ રીપોર્ટસ રજૂ કરવામાં આવેલ છે. જેનો ફોરમે અભ્યાસ કરેલ છે. વાદીના વપરાશનો લોડ તેમજ નવા જુના મીટર દરમ્યાન ના વપરાશ ની પેટર્ન જોતાં, પ્રતિવાદી ના મીટર રીડરો દ્વારા હકીકતમાં થયેલ વિજ વપરાશને બદલે ઓછા વપરાશ નું એવરેજ બિલ વાદીને આપેલ છે. ત્યારબાદ, તા.૦૨/૦૫/૨૦૨૨ ના રોજ પેન્ડીગ યુનિટ સહિતના વપરાશના બિલની રકમ રૂા.૯૨,૬૪૪/૬૯ વાદીના ખાતામાં ઉધારવામાં આવેલ.

૩.૪ વાદીનું મીટર બદલાવ્યા બાદ મીટરનો રીપોર્ટ OK આવેલ છે. જેના લેબ રીપોર્ટ આધારે છેલ્લા યુનિટ ૨૪૮૩૨ માંથી PRT મુજબના છેલ્લા યુનિટ ૧૧૭૭૫ બાદ કરીને બંને વચ્ચેના તફાવતનો ૧૨૮૫૭ યુનિટનું વપરાશનું બિલ ની રકમ રૂા.૯૨,૬૪૪/૬૯ પ્રતિવાદી દ્વારા ઉધારવામાં આવેલ છે જે કાર્યવાહી બરાબર માલૂમ પડે છે.

૩.૫ વાદીની ફરીયાદ ની અરજી મળતા પ્રતિવાદી દ્વારા વાદીના પેન્ડીગ યુનિટ સમયના વિજ વપરાશનું પ્રોરેટા મુજબ ની ગણતરી કરી તફાવતની રકમ રૂા.૩૩૧૦/૨૩ વાદીના ખાતામાં જમ આપવામાં આવેલ છે. આમ, બાકીની રકમ રૂા.૮૯,૩૩૪/૯૭ વપરાશના યુનિટના હોઈ, ભરવાપાત્ર છે.

૩.૬ આ તબકકે ફોરમ ને જણાય છે કે, પ્રતિવાદીના મીટર રીડર દ્વારા ખામીયુકત બિલીંગ કરી મીટર ના વપરાશના યુનિટ પેન્ડીગ રાખી બિલીંગ કરવામાં આવેલ છે. જેને લીધે ગ્રાહકને અગવડ પડેલ છે. તેમજ મોટી રકમ એકી સાથે ભરપાઈ કરવાની તેઓએ અસમર્થતા દર્શાવેલ છે.

૩.૭ ઉપરોકત તારણ નં–૩.૫ અને ૩.૬ ને ધ્યાને લેતાં, આથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ વાદી પાસે વસુલવા પાત્ર જુની રકમ રૂા.૮૯,૩૩૪/૯૭ ના ચાર માસીક હપ્તા કરી આપવા તેમજ રેગ્યુલર બિલની સાથે તે વસુલવા. તેમજ આ કામ ના બેદરકાર મીટર રીડરો સામે ખાતાકીય કાર્યવાહી કરવી.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(એન.આઈ.ઉપાધ્યાય)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એન.સી.મકવાણા)
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૨/૦૧/૨૦૨૩.**